જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૦/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

HAPPY  DIWALI

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૧૧૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૩ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૨૧૧૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૨૧૧૪/૧૭**

**રામોલ:** રજની વા/ઓ મનોજ દુબે (ડાયસ્ટડ અને કેમીકલના પ્રોપાઈડર) (રહે. શ્રીનંદ રેસીડેન્સી સીટીએમ ન્યુ મણીનગર) એ તા.૧૮/૧૦/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૩/૧૩ થી તા.૮/૧૧/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સંજય હરીપ્રકાશ અગ્રવાલ (૨) અશોક હરીપ્રકાશ અગ્રવાલ (૩) અનુરાધા સંજય અગ્રવાલ અને (૪) કુસુમ અશોક અગ્રવાલ. (તમામ રહે. સેપાલ રેસીડેન્સી અશ્વમેધ પાર્ક -૫ ની સામે ડી,માર્ટ ની પાછળ જોધપુર ગામ) એ ભેગા મળી રજની દુબે ને વિશ્વાસમા લઈ ડાયઝ અને કેમીકલનો ધંધો ચાલુ કરાવી અલગ અલગ કંપનીના નામે રજની દુબે પાસેથી માલ ખરીદ કરી રજની દુબેને ચેક આપી ચેક બેંકમા ભરવા નહીં દઈ ચેકની તારીખ પુરી થઈ જતા સુધીમા રૂપિયા ૭૬,૫૦,૨૫૧/- નહીં આપી રજની દુબે સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જુવાનસિહ થાવરાજી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૫/૧૭**

**સેટેલાઈટઃ** યોગેશભાઇ ઘનશ્યામભાઇ શાહ (રહે. બંગલા નંબસ-૧૫ મયુરપંખ સોસાયટી ઉમિયા વિજયની ગલી પાછળ જાસીના રાણીના પુતળા સામે સેટેલાઇટ) એ તા.૧૮/૧૦/૧૭ નારોજ **સેટેલાઈટ** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૧૭/૧૦/૧૭ બપોરના ૩/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિ પોતાના ઘરમાંથી સોનાનો સિક્કો કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ચાંદીના સિક્કા નંગ-૪ તથા ચાદીની લગડી નંગ-૩ મળી કુલ કિમત રૂપિયા ૨૨,૦૦૦/-, કેમેરો કિમત રૂપિયા ૮૦૦૦/-, ઈમ્પોટેટ ઘડીયાળો નંગ-૪ કિમત રૂપિયા ૮૦૦૦/-, ઈમ્પોટેડ પેઈન નં.-૧ કિમત રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નથ્થુભાઇ દેવાયતભાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૬/૧૭**

**નરોડાઃ** લીલાબહેન મોહનભાઇ જોશી (ઉ.વ૬૦) (રહે.સયોગ ફ્લેટ દહેગામ રોડ નરોડા) એ તા.૧૮/૧૦/૧૭ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૧૭ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે શટલ રિક્ષામાં બેસી નરોડા સૈજ્પુર બગલા બસ સ્ટેન્ડની વચ્ચે પસાર થઈ રહ્યા હતા ત્યારેથી લીલાબહેનની નજર ચુકવી રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષો અને એક સ્ત્રીએ લીલાબહેનને પહેરેલ સોનાની બંગડી કિમત રૂપિયા ૩૧,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૭/૧૭**

**ઓઢવઃ** અમૃતભાઇ જેઠાભાઇ વાઘેલા (રહે.રોહિતવાસ ઓઢવગામ) એ તા.૧૫/૧૦/૧૭ રાતના ૮/૦૦ વાગે ઓઢવ ફાયર સ્ટેશન પાસે આવેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોના પંપીંગ સ્ટેશન આગળ પોતાની બોલેરો કેમ્પર ગાડી નંબર જીજે૧ આરએફ ૬૦૧૫ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૬/૧૦/૧૭ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અમૃતભાઈ વાઘેલાએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૨૧૧૮/૧૭**

**સરખેજઃ** જહાંગીર નુરઅલી શેખ (ઉ.વ.૨૬) (રહે.ઉમંગલાભ અસલાલી રોડ નેશનલ હાઈવે નં-૮ લાભા) એ તા.૧૮/૧૦/૧૭ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૧૭ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે એસ.પી.રીંગ રોડ શાંતીપુરા સર્કલ નજીક અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સબાનાબાનુ શૌદુલ શેખ (ઉ.વ.૨૩) ને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૧૦/૧૭ સવારના ૮/૪૫ વાગે સબાનાબાનુનુ મોત નિપજયું હતુ આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ:** **સમાચાર યાદી નં.૨૧૧૯/૧૭**

**નિકોલ:** અરવિંદભાઇ કાનજીભાઇ ખરાડી (ઉ.વ.૩૬) (રહે.ડી-૨૯, ઝવેરી એસ્ટેટ ,સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ કઠવાડા GIDC નિકોલ) તા.૧૩/૧૦/૧૭ કલાક ૧૨/30 વાગ્યાના સુમારે કઠવાડા જીઆઈડીસી સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ નામના કારખાનામાં કામ કરતા હતા ત્યારે કોઇ કારણસર દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઇ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસિંહ ચેહરસિંહ ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૨૧૨૦/૧૭**

નારોલ: રેશ્માબહેન વા/ઓ જ્ઞાનેશ્વરભાઇ કાડેલ (ઉ.વ.૧૮) (રહે. વ્રજભુમિ સોસાયટી વિવેકાનંદ એસ્ટેટની બાજુમા શાહવાડી નારોલ) એ તા.૧૮/૧૦/૧૭ કલાક ૧૧/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈઆત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી કે ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.